# હવે તાલુકામાં ૩૬ બેઠકો માટે ૮૩ ઉમેદવારો

**ગાંધીનગર તાલુકા પંચાયતના જંગમાં બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચી : વડોદરા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું ઉમેદવારીપત્ર માન્ય રાખતા ચૂંટણી અધિકારી : ૩૬ બેઠક માટે હવે ૮૩ ઉમેદવારો મેદાનમાં**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે બે અપક્ષ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્ર પાછા ખેંચ્યા છે. રૂપાલ અને ચિલોડા (ડ) બેઠક પર આ ઉમેદવારી પત્ર પાછા ખેંચાયા છે.

આ સાથે આજે તાલુકા પંચાયતની ચૂંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ૩૬ બેઠક માટે ૮૩ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે. વડોદરા બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર સામે લેવાયેલ વાંધો આજે ચૂંટણી અધિકારીએ માન્ય રાખ્યો નથી અને ઉમેદવારીપત્ર મંજૂર કર્યું છે. હવે વડોદરા બેઠક માટે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે.

જે ૮૩ ઉમેદવારો મેદાનમાં છે તેમાં ભાજપના ૩૬, કોંગ્રેસના ૩૬, ૧૦ અપક્ષ અને બસપાનો એક ઉમેદવાર મેદાનમાં રહે છે.

જિલ્લાની સૌથી મોટી તાલુકા પંચાયતના આ ચૂંટણી જંગમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી તીખી સ્પર્ધા થશે.

હાલ તાલુકા પંચાયત ભાજપ પાસે છે અને કોંગ્રેસ તેમાં પુનઃ સત્તા હાંસલ કરવાના લક્ષ્ય સાથે મેદાનમાં છે.

આજે બે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા છે અને બંને અપક્ષ ઉમેદવારોના આ ઉમેદવારી પત્ર પાછા ખેંચાતા બંને પક્ષોના રણ નીતિકારોએ હાશકારો અનુભવ્યો છે. જો કે નોટાનો ભય હજુ બંને પક્ષે યથાવત જોવા મળી રહ્યો છે.

રવિવારથી બંને પક્ષો દ્વારા પ્રચાર અભિયાન આરંભી દેવાશે. આજે ઉમેદવારોને તેમના ચિહ્ન પણ ફાળવી દેવામાં આવ્યા છે. ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતાં જ હવે બંને પક્ષોના ચુનંદા કાર્યકરો અને આગેવાનોની બેઠકોનો દોર પણ સંપન્ન થયો છે. આ સાથે ગ્રામીણ વિસ્તારમાં રાજકીય ગરમાવો ધીમી ગતિએ પકડાઈ રહ્યો છે.

## વડોદરામાં કોંગ્રેસના ઉમેદવારનું ઉમેદવારી પત્ર માન્ય રખાયું

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની વડોદરા બેઠક માટે ભાજપના ઉમેદવાર દ્વારા કોંગ્રેસના ઉમેદવારને બે થી વધુ સંતાનો હોવાની રજુઆત કરી ઉમેદવારીપત્ર અમાન્ય ઘોષિત કરવા માંગ કરી હતી.

ચૂંટણી અધિકારીએ આ અંગે પુરાવા રજુ કરવા જણાવ્યું હતું. આજે ચૂંટણી અધિકારીએ કોંગ્રેસના ઉમેદવાર દ્વારા રજુ થયેલા પુરાવાઓને માન્ય રાખી અને ઉમેદવારી માન્ય રાખી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કોંગ્રેસના ઉમેદવાર હાલ વિસર્જતી થઈ રહેલ તાલુકા પંચાયતના સદસ્ય છે. તેમની સામે ભાજપે અગાઉ પણ આવો વાંધો લીધો હતો પરંતુ પુરાવાઓ રજુ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ વખતે પણ વાંધો લીધો હતો. કોંગ્રેસના અને ભાજપના પ્રતિસ્પર્ધીઓ જાણીતા લડવૈયા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. બંને પક્ષોએ આ બેઠક માટે ઉમેદવારોને રીપીટ કર્યા છે.

# ભાજપ-કોંગ્રેસ વચ્ચે ૨૮ બેઠકો પર સીધો જંગ

**૮ બેઠકો પર ત્રણ કે તેથી વધુ ઉમેદવારો : રાંધેજા-૨ બેઠક પર સૌથી વધુ ૫, દોલારાણા વાસણામાં ૪ ઉમેદવારો મેદાનમાં**

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતની ૩૬ બેઠકો પૈકી ૨૮ બેઠકો પર ભાજપ કોંગ્રેસ વચ્ચે સીધો જંગ ખેલાશે.

આજે સ્પષ્ટ થયેલા ચૂંટણી ચિત્ર મુજબ ૮ બેઠકો પર ત્રણ કે તેથી વધુ ઉમેદવારો નોંધાયા છે. ૬ બેઠકો એવી છે જ્યાં ત્રણ ઉમેદવાર છે. જ્યારે એક બેઠક પર ચાર અને એક બેઠક પર પાંચ ઉમેદવારો મેદાનમાં છે.

તાલુકાની રાંધેજા-૨ બેઠક પર સૌથી વધુ પાંચ ઉમેદવાર નોંધાયા છે. જ્યારે દોલારાણા-વાસણા બેઠક પર ૪ ઉમેદવારો નોંધાયા છે. આ ઉપરાંત કોલવડા-૧ બેઠક, રૂપાલ, સાદરા, ટીંટોડા, પ્રાંતિયા અને વાવોલ-૨ પર ૩-૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

રાજકીય પ્રચાર અભિયાનના આરંભે જ બન્ને પક્ષોએ સત્તા હાંસલ કરીશુ તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ઉમેદવારોની પસંદગીમાં બન્ને પક્ષમાં વરવા દૃશ્યો સર્જાયા હતા જે ઉલ્લેખનીય છે. ભાજપે નો રીપીટ થિયરીને પ્રાધાન્ય આપ્યુ છે. તો કોંગ્રેસે યુવા અને જુના ચહેરાઓનું મિશ્રણ કર્યુ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતમાં જિલ્લા પંચાયત કરતાં પણ વધુ બેઠકો છે. બન્ને પક્ષના ઉમેદવારો ઉપરાંત પ્રાંતિયાની બેઠક પર બસપાના ઉમેદવારે ઝુકાવ્યુ છે. જ્યારે અપક્ષોએ કોલવડા-૧, દો. વાસણા, રાંધેજા-૨, રૂપાલ, સાદરા, ટીંટોડા અને વાવોલ-૨ બેઠક પર ઝુકાવ્યુ છે.

રાંધેજા-૨ બેઠક પર ૩ ઉપક્ષોએ તો દોલારાણા-વાસણાની બેઠક પર બે અપક્ષોએ ઉમેદવારી નોંધાવી હોવાથી જંગ ખરાખરીનો બનશે તેમ રાજકીય વિશ્લેષકોનું માનવુ છે.

બન્ને પક્ષો દ્વારા આ ચૂંટણી માટેની રણનીતિ પણ તૈયાર કરી દેવામાં આવી છે. પરંતુ હજુ સુધી રણનીતિને લઈ બન્ને પક્ષો દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

## સે-૧૭ માં ચિલ્ડ્રન હોમ તૈયાર કરવા માટે રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના સે-૧૭ માં સ્થિત ચિલ્ડ્રન હોમના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સે-૧૭ની સરકારી શાળાના બિલ્ડીંગને ચિલ્ડ્રન હોમ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. જયારે આ બિલ્ડીંગની યોગ્ય સુધારણા માટે કામ શરૂ કરી દેવાયુ છે.

શહેરના સે-૧૭ માં નવુ એક્ઝિબીશન સેન્ટર કાર્યરત થયા બાદ સેકટરમાં ટ્રાફિકનો ધમધમાટ વધી ગયો છે. સે-૧૭ માં વર્ષો અગાઉ હેલીપેડ તેમજ લાઈબ્રેરી હોવાના લીધે આ વિસ્તારમાં મોટાભાગે શાંતિ છવાયેલી રહેતી હતી. જયારે દિવસ દરમિયાન વિશેષ ટ્રાફિકની પણ અવરજવર જોવા મળતી ન હતી. પરંતુ એક્ઝિબીશન સેન્ટર અસ્તિત્વમાં આવ્યા બાદ અવનવા એક્સપોના લીધે આ વિસ્તારની રોનક બદલાઈ છે. જયારે આ વિસ્તારમાં સ્થિત શોપિંગને અડીને સરકારી શાળા પણ છે. આ સરકારી શાળાના મકાનનો ઉપયોગ ચિલ્ડ્રન હોમ તરીકે થાય છે. જયારે આ ચિલ્ડ્રન હોમની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે .સુત્રોના જણાવ્યા મુજબ ચિલ્ડ્રનને યોગ્ય કરવા માટે ફલોરીંગ પ્લાસ્ટર બારી બારણા, કલર સિક્યુરીટી કેબીન સહીતનુ કામ પુર્ણ કરવામાં આવશે. આ ચિલ્ડ્રન હોમ તૈયાર કરવા માટે રૂ ૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## મનપાની સ્થાયી સમિતિ ૧૨મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક સોમવારને તા. ૧૨મીના રોજ મનપા ખાતે મળશે. પ્રાપ્ત થતી વિગતો મુજબ સે. ૨૭ અને ૨૮ ખાતે રીફયુઝ ટ્રાન્સપોર્ટ સ્ટેશન રિનોવેશન કરવા માટે મહત્વનો નિર્ણય લેવાશે. આ રિનોવેશન માટે ૭૯ લાખ રૂ.નો માતબર ખર્ચ મનપા દ્વારા કરવામાં આવનાર છે.

# ગાંધીનગરમાં ફરી ઠંડીનું મોજુ

ગાંધીનગર, તા. ૧૦

'હવે ઉનાળો શરૂ થશે' તેવી વાતો કરનારા ગાંધીનગરાઓને પુનઃ ઠંડીના આકરા મોજાનો સામનો કરવો પડી રહ્યો છે. શુક્રવારે તો લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રીએ પહોંચી જતાં વસાહતીઓ રીતસર ઠુંઠવાઈ ગયા હતા.

શિયાળાનો આખરી તબક્કો આકરો બની રહ્યો છે. જતાં જતાં ઠંડી તેની આક્રમકતા બતાવી રહી હોય તેવુ લાગી રહ્યુ છે. લઘુત્તમ તાપમાન એક તબક્કે ૧૮ ડિગ્રી સુધી પહોંચી ગયુ હતુ. ગયા અઠવાડિયે તો એટલી બધી ગરમી લાગતી હતી કે ગૃહિણીઓએ ગરમ વસ્ત્રો ધોઈને મુકી દિધા હતા. પરંતુ છેલ્લા ત્રણ-ચાર દિવસ પુનઃ ઠંડીએ જોર પકડ્યુ છે. આકરો શિયાળો હોય તેવી ઠંડી શુક્રવારે રાત્રે પડી હતી. ગરમ વસ્ત્રો ન લઈને વાહનચાલકો રીતસર ઠુંઠવાઈ ગયા. શુક્રવારે રાત્રે લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી સુધી ગગડી ગયુ હતુ. ત્યારબાદ શનિવારે રાત્રે ઠંડીથી થોડીક રાહત મળી હતી. શનિવારે રાત્રે લઘુત્તમ તાપમાનમાં બે ડીગ્રીનો વધારો થયો હતો અને તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયુ હતુ. આગામી દિવસોમાં હજુ ઠંડીના એકાદ-બે મોજા અનુભવાય તેવી શક્યતા પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## હજુ ઠંડી પડવાની આગાહી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરતા જણાવ્યું છે કે આગામી દિવસોમાં હજુ ઠંડીનું મોજુ આવી શકે છે.

ફેબ્રુઆરીના આગામી દિવસોમાં હજુ પણ હિમવર્ષા રહેશે. જેના કારણે દેશના ઘણા ભાગોમાં કમોસમી વરસાદની વકી રહેશે. તા. ૧૯ ફેબ્રુઆરીથી ધીમે ધીમે ગરમી વધે અને કોઈ કોઈ ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૩૩ ડિગ્રી સેલ્સીયસ જેટલુ કે જેથી વધુ થઈ શકે. ભૌગોલીક બાબતો, ગ્રહો, તેમજ અન્ય આધારે જોતાં ફેબ્રુઆરી તા. ૧૧ થી ૧૩માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થવાની સંભાવના રહે. જેના લીધે હિમાચલપ્રદેશ, પંજાબ, હરીયાણા, રાજસ્થાન, દિલ્હી તેમજ પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતા રહેશે. પશ્ચિમી ગરબડના લીધે ગુજરાતનું હવામાન પણ કથળે. રાજસ્થાનના ભાગો, મહારાષ્ટ્રના કેટલાક ભાગો, પૂર્વ ગુજરાતના ભાગો તેમજ દક્ષિણ ગુજરાતના ભાગો અને કચ્છના ભાગોમાં હવામાનમાં પલટો આવી શકે. તા. ૧૭ ફેબ્રુઆરી સુધીમાં હવામાનમાં વિપર્યાય જણાય અને ક્યાંક ક્યાંક હળવો કમોસમી

● અનુસંધાન પાન-૭ પર



સર્કલની બેહાલી - શહેરમાં મોટાભાગના ચાર રસ્તા પર ટ્રાફીક નિયંત્રિત કરવાના હેતુસર નિર્માણ કરાયેલા સર્કલો આજકાલ બેહાલ બની રહ્યા છે... બ્યુટીફિકેશનનો હેતુ પણ સર્કલો નિર્માણમાં સમાયેલો હતો... છેલ્લા કેટલાક સમયથી મરામત અને જાળવણીના અભાવે બેહાલ બનેલા સર્કલો તંત્રની બેદરકારીના નમૂના બનતા જાય છે...

# આઈએનઆઈએફડીના વિદ્યાર્થીઓનું કલાત્મક પ્રદર્શન

**આઇ એન આઇ એફ ડીના ૧૨૦ વિદ્યાર્થીઓ દ્વારા કલાત્મક ચીજવસ્તુઓના ૧૨૦૦ થી વધુ નમુનાઓ પ્રદર્શન ગેલેરીમાં રજુ કરાયા**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના ઈન્ફોસીટી સંકુલમાં સ્થિત આઈ એન આઈ એફ ડી દ્વારા આજે સંસ્થાની વિદ્યાર્થીનીઓએ તૈયાર કરેલી વિવિધ કલાત્મક ચીજવસ્તુઓ માટે એક ખાસ પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ. બે દિવસીય પ્રદર્શનના પ્રારંભે સંસ્થાના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ હેન્ડીક્રાફટસ અને ઈન્ટિરીયર ડીઝાઈનીંગના વિવિધ નમુનાઓ રજુ કરાયા હતા. આઈ એન આઈ એફ ડીના વિદ્યાર્થીઓએ ૧૨૦૦ થી પણ વધુ કલાત્મક ચીજવસ્તુઓ તૈયાર કરી પ્રદર્શન ગેલેરીમાં રજુ કરી હતી.

ગાંધીનગર આઈ એન આઈ એફ ડી ના દ્વારા તા ૧૦ અને ૧૧ ફેબ્રુઆરીના રોજ બે દિવસના આર્ટ બિટ લાઈવ પરફોર્મીંગ એક્ઝિબીશનનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રદર્શનમાં સંસ્થાના ૧૨૦ થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કલાત્મક ચીજવસ્તુઓના નમુનાઓ રજુ કરાયા છે. આઈ એન આઈ એફ ડી ગાંધીનગર શાખાના સંચાલક વિશાલ મકવાણાના માર્ગદર્શન હેઠળ આ પ્રદર્શનનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાની મહેનત, ઉત્સાહ અને સકારાત્મક અભિગમથી અવનવી ડિઝાઈનર ચીજવસ્તુઓ તૈયાર કરી છે. આઈ એન આઈ એફડી ના વિદ્યાર્થીઓ તેમના ક્ષેત્રમાં વધુ સકારાત્મક બને તેમજ પ્રોત્સાહીત થાય તેવા આશયથી આ આર્ટ બિટ એક્ઝિબીશન -૨૦૧૮ નુ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ પણ સંસ્થાના સંચાલક વિશાલ મકવાણાએ જણાંવ્યુ છે. આ બે દિવસીય પ્રદર્શનનો આજે ઈન્ફોસીટી સંકુલ ખાતે પ્રારંભ થયો હતો. આ પ્રદર્શન ગેલેરીમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ઈઅરીંગ્સ, બેન્ગલ્સ, નેકપીસ, ટોટબેંગ્સ કુશનસ,ડિઝાઈનર ટી શર્ટ ,બ્રેસલેટસ,જેવી જવેલરી પણ રજુ કરવામાં આવી છે. જયારે આ ઉપરાંત સંસ્થાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ વોલ હેંગીગ્સ ડિઝાઈનર શુઝ વગેરે હેન્ડમેડ વસ્તુઓ પણ પ્રદર્શનમાં જોવા મળી રહી છે. સંસ્થાના વિદ્યાર્થીઓ માત્ર ૧૫ દિવસના ટુંકા ગાળામાં આ પ્રકારની અંદાજિત ૧૨૦૦ જેટલી કલાત્મક વસ્તુઓ તૈયાર કરવામાં આવી છે. કલાત્મક ચીજવસ્તુઓ નિહાળી નગરજનો પણ દંગ રહી ગયા છે.







# આરટીઓ દ્વારા ૨૧ ઓવરલોડ ટ્રક અટકાવી ૧.૩૫ લાખનો દંડ વસુલ્યો

**ઉવારસદ પાસે ઝુંબેશ હાથ ધરી રાત્રિના રેતી કપચી ભરેલી ટ્રકોના કીસ્સામાં દંડ વસુલી કરી**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનની દ્રષ્ટીએ અત્યંત કંગાળ ચિત્ર ઉપસી આવ્યુ છે. શહેરના માર્ગો પર બેફામ દોડતા વાહનો ગતિ નિયંત્રણ ન જાળવતા ગમે ત્યારે જાનલેવા અકસ્માતો થાય છે. જયારે હાઈવે માર્ગ પર બેફામ દોડતા વાહનોના લીધે પણ માર્ગ સલાતમી જોખમમાં મુકાય છે. જેમાં ઓવરલોડ વાહનો પણ અકસ્માતનુ કારણ બને છે. આવા સંજોગોમાં ઓવરલોડ વાહનો પર રોક લાવવા આર ટી ઓ તંત્ર દ્વારા દંડ વસુલી કરવામાં આવી રહી છે. ગત રાત્રિના ઉવારસદ પાસે ૨૧ જેટલી ઓવરલોડ ટ્રક આર ટી ઓએ અટકાવી રૂ ૧.૩૫ લાખનો દંડ વસુલ્યો હતો.

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનની ઐસી તૈસી થઈ રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે માર્ગ પર દોડતા વાહનોમાં ગતિ નિયંત્રણની વાત વિસરાઈ છે. આવા સંજોગોમાં પૈડા પરની જિન્દગી દિનપ્રતિદિન જોખમી બનતી જાય છે. ત્યારે માર્ગ પર દોડતા ભારે વાહનો પણ રોડ સેફટીની દ્રષ્ટીએ જોખમી બની રહયા છે. જો કે આર ટી ઓ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમનનો ભંગ કરી બેફામ ફરતા વાહનો પર રોક લગાવવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત સપ્તાહ દરમિયાન પણ આર ટી ઓ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમનનો ભંગ કરતા વાહનચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવી હતી. જેમાં સચિવાલય સંકુલના મુખ્ય પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક નિયમનના ભંગ બદલ કર્મચારીઓ પણ આર ટી ઓ તંત્રની ઝપટમાં આવ્યા હતા. જયારે ગાંધીનગરના ઉવારસદ અને ખોરજ વિસ્તારમાં પણ આર ટી ઓ તંત્ર દ્વારા રાત્રિના સમયે માર્ગ પર દોડતા ઓવરલોડ વાહનોને દંડવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં અગાઉ આર ટી ઓ તંત્ર દ્વારા ખોરજ વિસ્તારમાંથી રાત્રિના સમયે ઓવરલોડ દોડતી ૧૧ ટ્રકને ઝડપી લઈ રૂ ૧ લાખનો દંડ વસુલ્યો હતો. જયારે ગતરાત્રિના પણ આર ટી ઓ તંત્રએ ઉવારસદ પાસે ઝુંબેશ હાથ ધરી રેતી કપચી ભરીને જતી ઓવરલોડ ૨૧ ટ્રકને રોકી હતી. આ ટ્રકચાલકો પાસેથી દંડ વસુલવાની કાર્યવાહી હાથ ધરી હતી. આર ટી ઓ એ ૨૧ જેટલી ઓવરલોડ ટ્રકના કિસ્સામાં રૂ ૧.૩૫ લાખનો દંડ વસુલ્યો હતો.


બેસણું



મારા પુત્ર મહેન્દ્રસિંહ રજુજી ગોલનું તા. ૦૯/૦૨/૨૦૧૮ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૨/૦૨/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૨૦૨-૧, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર

લિ. રજુજી બબાજી ગોલ (પ્રમુખશ્રી : રાજધાની વસાહત સેવા મંડળ, ગાંધીનગર)

દશરથસિંહ બબાજી ગોલ
સ્વ. દિલીપસિંહ બબાજી ગોલ
કુબેરસિંહ કાળુસિંહ ગોલ
અમરસિંહ સરદારસિંહ ગોલ
વિક્રમસિંહ સરદારસિંહ ગોલ
ભરતસિંહ શિવાજી ગોલ
કમલેશજી વેરૂજી ગોલ
ગાંડાજી ગોબરજી ગોલ
સ્વ. અજયસિંહ રજુજી ગોલ
ઈન્દ્રસિંહ રજુજી ગોલ
સુરેન્દ્રસિંહ દિલીપસિંહ ગોલ
જયેશસિંહ દિલીપસિંહ ગોલ
ચંદ્રેશસિંહ દશરથસિંહ ગોલ
કિશોરસિંહ ઈન્દ્રસિંહ ગોલ
સિધ્ધરાજસિંહ અજયસિંહ ગોલ
ધનરાજસિંહ મહેન્દ્રસિંહ ગોલ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com